જ્યાં ક્ષમા નથી ત્યાં
પ્રેમ માત્ર દંભ અને
વિડંબણા છે
- પ્રેમચંદજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૩ | ૩ એપ્રિલ ૨૦૧૨, મંગળવાર, ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# કૃષિ મહોત્સવ છઠ્ઠી મેથી આરંભાશે

## જિલ્લામાં ૯૪ સ્થાનોએ આ અંગેની ઉજવણી કરવામાં આવશે : તાલુકા પંચાયતની સીટનું ક્લસ્ટર ગણી આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા ૮મો કૃષિ મહોત્સવ અખાત્રીજના બદલે ૬ મે થી ઉજવવાનો મહત્વનો નિર્ણય આજે કર્યો છે.

આ મહોત્સવમાં ગામે ગામ રથ ફેરવવાના બદલે સરકારે તેની એ નીતિમાં પણ બદલાવ કરીને તાલુકા પંચાયતની સીટને કલ્સ્ટર બનાવી ત્યાં જ ઉજવણી કરવાનો નિર્ણય પણ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં તા. પંચાયતની ૯૪ જેટલી બેઠકો છે. અને ચાર તાલુકા પંચાયતો છે. માણસા, કલોલ, દહેગામમાં ૨૧.૨૧ બેઠકો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં ૩૧ બેઠકો છે. આ અંગેનું આયોજન જિલ્લાતંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ ૯૪ સ્થાનો પર વહેલી સવારથી કૃષિમહોત્સવની ઉજવણી થશે અને તે મોડી સાંજ સુધી ચાલશે.

આ કૃષિ મહોત્સવમાં સવારના ભાગમાં આધુનિક ખેતી પદ્ધતિ અંગેની સમજ આપવામાં આવશે. આ સાથે જ જે તે વિસ્તારનો પશુ સારવાર કેમ્પ પણ ત્યાં યોજવામાં આવશે. આ પછી બાગાયત અને સિંચાઈની આધુનિક પદ્ધતિઓ તેમજ ખાતરના ઉપીયોગ અંગે ખેડૂતો સાથે ગોષ્ટી યોજવામાં આવશે.

આ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો તેમજ સફળ ખેડૂતો દ્વારા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. પશુપાલન ક્ષેત્રે આવેલી આધુનિક બાબતો અંગે પણ પશુપાલકોને જાણકારી આપવામાં આવશે.

જિલ્લામાં કૃષિ મહોત્સવની ઉજવણીના બદલાયેલા સ્વરૂપને લઈ નવેસરથી આયોજન કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

આ મહોત્સવની ઉજવણી એક મહિના સુધી ચાલશે. આ માટે કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ પણ જિલ્લાને ફાળવવામાં આવશે. આ મહોત્સવની ઉજવણી માટે દરેક તાલુકાની અલગ થીમ પણ નિયત કરવામાં આવશે.

પંચાયતોની ચૂંટણીઓ તેમજ ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લઈ આ મહોત્સવની ઉજવણીના નિયત કાર્યક્રમમાં ફેરફાર કરાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

# ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રી

## આકાશમાંથી અગનગોળા વરસ્યા : માર્ગો સૂમસામ બન્યા

ગાંધીનગર, તા. ૨

સમગ્ર રાજયમાં ગરમીનો પ્રકોપ વધતા ગાંધીનગરમાં માથુ ફાડી નાંખે તેવી આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૦૫ર પહોંચતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. આજે મૌસમનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો.

એપ્રિલ મહિનાના પ્રારંભે જ ગરમીએ જાણે રીતસર કાળો કેર વર્તાવ્યો છે. શનિવારની સરખામણીએ રવિવારે તાપમાન અડધો ડિગ્રી કરતાં વધ્યું હતું અને મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રીએ પહોંચ્યું હતું. જયારે સોમવારે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચી ગયું હતું. સૌથી વધુ તાપમાન ઉત્તર ગુજરાતના ઈડરમાં નોંધાયું હતું. આ ઉપરાંત રવિવારે સુરેન્દ્રનગર, વલ્લભવિદ્યાનગર, અને અમરેલીમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી ગયો હતો. આજે ગાંધીનગર-અમદાવાદમાં પણ અસહ્ય ગરમી સાથે લૂ ફુંકાતા વસાહતીઓએ ઘરમાં જ પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યું હતું. દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળો અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોને બાદ કરતાં સમગ્ર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત-મધ્ય ગુજરાતમાં ઉનાળાના પ્રારંભથી જ અકળાવનારી, દાહક ગરમી શરૂ થઈ છે. આકરા તડકા અને ગરમીને કારણે શહેરના મોટાભાગના વિસ્તારોમાં બપોરે તો જાણે કરફ્યુ જ લાગી જાય છે. મોડી સાંજ સુધી માર્ગો પર ચહેલ-પહેલમાં સાવ ઘટાડો થઈ ગયો છે. આકરી ગરમીમાં વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા જવું પડે છે તે પણ ખુબ અકળાવનારી બાબત છે. બાળકોને લેવા-મુકવા જતા વાલીઓ પણ ગરમીથી બચવા જાત ભાતના ઉપાયો અજમાવે છે. દ્વિચક્રી વાહનચાલકો મોજા-ટોપી-રૂમાલ બાંધીને જ બહાર નીકળે છે. ઉનાળાના પ્રારંભે જ આકરી ગરમી પડતા સનબર્નના કેસો વધવા માંડયા છે.

ગરમીથી બચવા વસાહતીઓ જાતભાતના નુસ્ખા અપનાવી રહ્યા છે. એ.સી. અને એરકુલરની ઈન્કવાયરીઓ વધવા માંડી છે. એ.સી.માં તો અત્યારથી જ વેઈટીંગ છે. રાત્રે ગરમી વધતા અગાશીઓ અને આંગણામાં વસાહતીઓએ ઉંઘવાનું શરુ કર્યું છે. આ દિવસોમાં પાણીનો વપરાશ પણ વધી ગયો છે. આગામી દિવસોમાં ગુજરાતના કેટલાક શહેરોનું તાપમાન ૪૨-૪૩ ડિગ્રીને આંબી જાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.





ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો એકદમ જ વધી ગયો છે જેને કારણે ગરમીથી બચવાના હાથવગા ઉપાયો અજમાવવાની શરૂઆત પણ નગરજનોએ કરી દીધી છે. લોકોએ અગત્યના કામ સિવાય બહાર નીકળવાનું પણ ઓછું કરી દીધું છે. (તસવીર : દિપક જાની)

# સફાઈના મુદ્દે હજુ સભ્યો અને તંત્ર આમને-સામને

## સફાઈની કામગીરીનું કડક મોનીટરીંગ કરવા માટે સભ્યોએ આગ્રહ કરતાં કમિશનરે શહેરના રાઉન્ડની ખાતરી આપી : ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોને તલાટી ઉડાઉ જવાબ આપતા હોવાની પણ રજૂઆત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની આજે મળેલ બેઠકમાં શહેરની સફાઈ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં તલાટી દ્વારા સમયસર કામગીરી નહિ કરી પ્રજાજનોને થતી કનડગતનો મુદ્દો ચમકયો હતો.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં સફાઈના મુદ્દે સત્તાધારી પક્ષના જ સભ્યોએ સખ્ત નારાજગીનો સિલસિલો આજે પણ જાળવી રાખી અને તંત્રને વધુ કડક હાથે મોનીટરીંગ કરવા જણાવ્યું હતું. એક તબક્કે સભ્યોના આક્રોશને જોઈ કમિશનરશ્રી ખરસાણે પણ સભ્યોને જણાવ્યું હતું કે તેઓ આગામી એકાદ-બે દિવસમાં જ સફાઈની કામગીરીને મુદ્દે શહેરનો રાઉન્ડ લેશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં જાહેરમાં બાળવામાં આવતા કચરાના મુદ્દે પણ સભ્યોએ નારાજગી વ્યકત કરી હતી. ગ્રામ્ય વિસ્તારમાં સફાઈના નામે મોટુ મીંડુ હોવાનો રોષ શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુ રાયકા સહિતના સભ્યોએ કર્યો હતો.

આ બેઠકમાં સેકટરના મુખ્ય માર્ગોની સફાઈ પણ વ્યવસ્થિત રીતે નહિ થતી હોવાની ઉગ્ર રજુઆત શ્રી અશ્વિન વ્યાસ અને શ્રી હર્ષજીત પંડયાએ કરી જણાવ્યું હતું કે શોપીંગ જેવા વિસ્તારોમાં પણ સ્વચ્છતા જળવાતી નથી. આ ઉપરાંત સે-૨૮માં આવેલ ઉદ્યાન, ઘ-૫ નો વિસ્તાર તેમજ સેન્ટ્રલ વિષ્ટાના વિસ્તારમાં સફાઈના મુદ્દે ખુબ જ ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે.

સફાઈના મુદ્દે સભ્યોએ એવી પણ રજુઆત કરી હતી કે આઉટ સોર્સીંગથી ટેન્ડર મંજૂર થઈ ગયા બાદ સફાઈના કામમાં આવા છીંડાઓ ચાલી શકે નહિ. તેમણે શહેરની સ્વચ્છતાના મુદ્દે કોઈ પણ પ્રકારની બાંધછોડ સાંખી લેવાશે નહિ તેમ સ્પષ્ટ જણાવી દીધું હતું.

આ બેઠકમાં શહેરમાં સમાવિષ્ટ છ ગામોમાં સફાઈની કામગીરી નહિવત થતી હોવાનું શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતું. તેમણે ગ્રામ્ય વિસ્તારના લોકોના કામ માટે તલાટી પાસે જવાનું થાય ત્યારે પાલિકામાં જાવ તેમ કહી ગ્રામજનોને ઉડાઉ જવાબો આપી હેરાન પરેશાન કરવામાં આવે છે. તેમણે ગ્રામ્ય વિસ્તારના પ્રજાના પ્રશ્નો તલાટી દ્વારા ત્વરિત ઉકેલ આવે તે માટે જરૂર પડયે કલેકટરને પણ દરમિયાનગીરી કરવા માટે કમિશ્નરશ્રી ખરસાણને રજુઆત કરી હતી.

મ્યુનિ. કમિશ્નરશ્રી ખરસાણે તેમની આ વાતનો સ્વીકાર કરી તેઓ ઝડપથી જિલ્લા કલેકટરશ્રીનું આ મુદ્દે ધ્યાન દોરશે તેવી હૈયાધારણ આપી હતી.

શહેરમાં સફાઈના મુદ્દે લેવામાં આવી રહેલા પગલાંઓ અંગે પણ કમિશનરશ્રીએ વિગતો આપી અને પોતે એક બે દિવસમાં જ શહેરનો રાઉન્ડ લેશે તેમ જણાવતાં સભ્યોમાં રહેલો ગુસ્સો શાંત થયો હતો.

07.04.12 સુધીમાં TET માં પ્રવેશ મેળવી ₹ 28000/- ફીનો લાભ મેળવો !
08.04.12 થી નવી ફી લાગુ પડશે
TCCI GANDHINAGAR SINCE : 1994
TET PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ ઉમેદવારો માટે ખુશીના સમાચાર !
★ લાયકાત : TET માટે PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ (ધો.6 થી 8 માટે)
19000+થી પણ વધુ જગ્યાઓ
સંપૂર્ણ સાહિત્ય FREE
ફી માત્ર ₹ 28000 (INR) 1.4.2012 થી અમલમાં (એક સાથે જ ભરવાની રહેશે) 07.04.2012 સુધી જ લાગુ
અઠવાડિયામાં 6 દિવસનું શિક્ષણ
જાહેરાત સંભવિત 8 એપ્રિલ 2012
વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ
પાલનપુર, પાટણ, કડી, મહેસાણા, હિંમતનગર, ગાંધીનગર, વિસનગર ➜ વર્ગ શરૂ થવાની તા. 15.04.2012
સવાર, બપોર, સાંજ બેચની સગવડ
TCCI EDUCATION PRIVATE LIMITED
ગાંધીનગર 9909924328 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા
મહેસાણા 7567283798 પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર બુધવારે રજા
હિંમતનગર 7567283798 બીજો માળ, યમાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા
પાલનપુર 9925698721 એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા
પાટણ 9925698721 એસ-143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા
TCCI EDUCATION PRIVATE LIMITED
08.04.12 થી TET માટે નવી ફી ₹ 38000/- રહેશે.
તા. 01.05.2012 થી TCCI EDUCATION PVT LTD ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), ઘ-રોડના છેડા પર, પેથાપુર, ગાંધીનગર.
18 વર્ષ થી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCIનો નાનકડો પરિવાર
MUKESH PATEL (GS, QA, TOR, GEO, HIST)
RAJUBHAI PATEL (MA B.Ed. - English)
Dr. Nainaben (MA Ph.D. - Gujarati)
Dr. Pandya Sir (MA Ph.D. - English)
Dr. A. Patel (G.S.) (Ph.D.)
Dr. B. Patel (MA Ph.D. - Gujarati)
Mr. Jala Sir (B.Ed. - Maths)
Mr. K. Sir (LLM)
Mr. G. Sir (Sociology & Gujarati)
Mr. R. Jala (Agriculture)
100% ખાતરી પૂર્વકનું પરીણામલક્ષી શિક્ષણ આપતી સંસ્થા

# ત્રણ મહિલા સદસ્યો સહિત છ સભ્યો સ્ટેન્ડીંગ કમિટિમાંથી નિવૃત્ત : ચિઠ્ઠી નંખાઈ

## શૈલેન્દ્રસિંહ બિહોલા અને રંજનબેન ખાંટ એક જ વોર્ડમાંથી વિજયી થઈ આવ્યા અને એક સાથે સમિતિમાંથી નિવૃત્ત પણ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાંથી ત્રણ મહિલા સદસ્યો સહિત છ સભ્યો આગામી ૧લી મે થી નિવૃત્ત થશે. જો કે આ સભ્યોની પુનઃ નિયુક્તી પણ હવે પછી મળનારી સામાન્ય સભામાં કરી દેવા માટેનો નિર્ણય કોંગ્રેસ પક્ષે કર્યો છે.

આજે બપોરે બે વાગે કોર્પોરેશનના સભાખંડમાં મ્યુનિ. કમિશનરશ્રી સી.આર. ખરસાણની ઉપસ્થિતિમાં ચેરમેન શ્રી પ્રવિણ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં સભ્યોની નિવૃત્તિનો નિર્ણય ચિઠ્ઠી નાખી કરવામાં આવ્યો હતો.

બેઠક પૂર્વે કોંગ્રેસ પક્ષના જ કેટલાક સિનીયર સભ્યોએ સામેથી સ્વૈચ્છીક નિવૃત્તિ લેવાની દરખાસ્ત સાથે કોર્પોરેશનના અધિકારીઓને મળી રજુઆત કરી હતી પરંતુ નિયમોની જોગવાઈઓને આધિન ચિઠ્ઠી ઉપાડીને જ સભ્યોની નિવૃત્તિ નક્કી થશે તેવો નિર્ણય થયો હતો.

બેઠકની કામગીરીને અંતે આ મુદ્દો સમિતિની કાર્યવાહીમાં હાથ પર લેવામાં આવ્યો હતો. સમિતિના બારે સભ્યોના નામ લખી અને કોર્પોરેશનના સેક્રેટરી શ્રી પિનાકીન જોશીએ તે ચિઠ્ઠીઓ એક ડબ્બામાં પેક કરી દીધી હતી. આ પછી ડબ્બો ચેરમેનના ટેબલ પર મુકી દેવામાં આવ્યો હતો.

સતત પાંચ મિનિટ સુધી ડબ્બામાંની ચિઠ્ઠીઓને ઘમરોળવામાં આવી હતી અને એક પછી એક છ સભ્યોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. આજે જે સભ્યોની નિવૃત્તિ નક્કી કરવામાં આવી છે તેમાં ત્રણ મહિલા સદસ્યો અને ત્રણ પુરૂષ સદસ્યોનો સમાવેશ થાય છે.

નિવૃત્ત થનાર છ સભ્યોમાં સૌથી વધુ વય ધરાવતા શ્રી નામદેવ વરસાત ઉપરાંત શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, સુભાષભાઈ પાંડવ ઉપરાંત ગ્રામ વિસ્તારનુંપ્રતિનિધિત્વ કરતા રંજનબેન ખાંટ, મીનાબેન વાઘેલા તથા ભાવનાબા ચાવડાનો સમાવેશ થાય છે. શૈલેન્દ્રસિંહ બિહોલા અને રંજનબેન ખાંટ બન્ને ગ્રામ્ય વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તેમજ એક જ વોર્ડમાંથી વિજયી બની આવ્યા છે અને એક સાથે સમિતિમાંથી નિવૃત્ત થઈ રહ્યા છે તે યોગાનુ યોગ છે.

બેઠકના અંતે કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચિમનભાઈ વિંઝુડાએ જણાવ્યું હતું કે પક્ષે કરેલા નિર્ણય મુજબ આજે જે સભ્યોની નિવૃત્તિનો નિર્ણય લેવાયો છે તેમને હવે પછી મળનારી સામાન્ય સભામાં પુનઃ નિયુક્ત કરવા અંગેનો પ્રસ્તાવ લઈ આવવામાં આવશે.

સેમ્પલ હાઉસ તૈયાર
3 BHK ના લક્ઝુરીયસ બંગલોઝ

Royal-II
BOOKING OPEN
• NANOC ટાઈટલ કલીયર
• ૨૪ કલાક પાણી • લેન્ડ સ્કેપીંગ ગાર્ડન
• લોન પેપર્સ ઉપલબ્ધ
શિલ્પ પ્રોપર્ટી ડેવલોપર્સ ન્યુ વાવોલ, ઉવારસદ રોડ, ગાંધીનગર. 97129 55733

# સે.૧૨માં જીએસઆઈ કોલોનીમાં ટાંકી તૂટી પડતાં યુવા મજુરનું કરૂણ મોત



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પથિકાશ્રમથી વાવોલ રોડ તરફ જવાના માર્ગ પર સેક્ટર-૧૨ના ખૂણા ઉપર આવેલી જીઓલોજીકલ સર્વેલન ઓફ ઈન્ડિયા (જી.એસ.આઈ.) કોલોનીની સમારકામ કરાતી પાણીની ટાંકી આજે મોડી સાંજે અચાનક કકડભૂસ થતાં એક ૨૩ વર્ષિય મજૂરનું કરૂણ મૃત્યું નિપજ્યું હતું.

આ બનાવથી કોલોનીમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને આ બનાવ પાછળ કોન્ટ્રાકટરની ભૂલ હોવાનું લોકમુખે ચર્ચા થતી હતી.

સેક્ટર-૧૨, માધ્યમિક શાળાની સામે આવેલી જીઓલોજિકલ સર્વેલન્સ ઓફ ઈન્ડિયાની સ્ટાફ કોલોની આવેલી છે. આ કોલોનીમાં લગભગ પચાસેક પરીવારો વસવાટ કરે છે. કોલોનીના રહિશોને પાણીનો સપ્લાય આપવા માટે લગભગ ૨૦ થી ૨૫ ફૂટ ઉંચી પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. લગભગ ૨૦ વર્ષ આ પાણીની ટાંકીને થઈ ગયા હતા. જેના પરિણામે આ પાણીની ટાંકીને તોડી નાખી નવી પાણીની ટાંકી બનાવવાની હતી. આ પાણીની ટાંકી તોડવા માટે એક કોન્ટ્રાકટને પાણીની

● અનુસંધાન પાન-૭ પર